# ગાંધીનગર-અમદાવાદ સાચા અર્થમાં ટ્વીન સીટી બનશે

**ગુડાના વિકાસ પ્લાન અન્વયે એસજી હાઇવે ઇન્ટરનેશનલ કક્ષાનો બનશે ગાંધીનગરને જોડતા ગામોના રસ્તા પહોળા થશે : અડાલજ-ગાંધીનગર માર્ગ આસપાસ મોટી ઇમારતો અને શોપિંગ મોલ જોવા મળશે : સેક્ટરોમાં પણ પ્લોટ મુજબ વધુ માળના બાંધકામની મંજુરી મળશે**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા જાહેર કરાયેલા નવા વિકાસ પ્લાનના અંતે અમદાવાદ ગાંધીનગર સાચા અર્થમાં ટવીન સીટી બનશે. નવો વિકાસ પ્લાન અન્વયે અડાલજથી ગાંધીનગર સુધીના બેલ્ટને કોર્મશિયલ ઝોન જાહેર કરાયો છે. ત્યારે માર્ગની બન્ને બાજુ કોર્મશિયલ બાંધકામ સાથે હવે હાઈરાઈઝ બિલ્ડીંગ શોપિંગ મોલ સહીત અવનવી ઈમારતો અસ્તિત્વમાં આવશે. ગ્રીન બેલ્ટના કન્સેપ્ટને જાળવી એસ જી હાઈવે ઈન્ટરનેશનલ કક્ષાનો બનશે.

ગુડાના નવા વિકાસ પ્લાન મુજબ એસ જી હાઈવે કોર્મશિયલ ઝોન જાહેર થતા નગરની હદ સાથે જોડાયેલા તારાપુર ,અડાલજ અને સરગાસણ સહીતના ગામામાં અત્યારસુધી રેસિડેન્સીયલ ઝોન હતો જયાં હવે કાર્મશિયલ ગતિવિધિઓ ધમધમતી થશે. અલબત્ત હાઈવેની સમાંતર કોર્મશિયલ ઝોન અસ્તિત્વમાં આવશે. ગાંધીનગરને જોડતા પોર ,કુડાસણ, તારાપુર અને ઉવારસદ, ચિલોડા,શિહોલી,પ્રાંતિયા સહીતના ગામોના રસ્તાઓ પણ ૩૦ થી ૬૦ મીટર જેટલા પહોળા થઈ જશે. અમદાવાદ ગાંધીનગર વચ્ચે ૨૦ સ્કવેર કી મીનો રેસિડેન્શિયલ લેન્ડ સપ્લાય મળવાના લીધે બન્ને શહેર સાચા અર્થમાં ટવિન સીટી તરીકે ઉભરી આવશે. જયારે અમદાવાદ ગાંધીનગર સાથે જોડાયેલા હયાત રસ્તાની સાથે મહાત્મા મંદિરથી રીંગરોડને સીધી કનેક્ટીવીટી મળશે.

આ ઉપરાંત કુડાસણ, અંબાપુર, પોર સરગાસણ તારાપુર અને ઉવારસદ સહીતના એગ્રિકલ્ચર હેઠળના ગામોને અનુલક્ષી રેસિડેન્શિયલ ઝોન -આર ૫ જાહેર થતા રિયલ એસ્ટેટ બજાર માટે નવી તક ઉભી થશે. જેમાં અમુક ગામોને કોર્મશિયલ અને રેસિડેન્સિયલ ઝોનના બન્ને ફાયદા મળશે. પેથાપુરના કેટલાક એરિયાને અનુલક્ષી એગ્રિકલ્ચર ઝોનને દુર કરી ઈન્ડસ્ટ્રીયલ ઝોન ઉમેરાશે. સેકટરોમાં પણ મોટા પ્લોટમાં ૭ માળ ને નાના પ્લોટમાં ૩ માળની પરવાનગી મળશે. અલબત્ત ગુડાના નવા વિકાસ પ્લાનના અંતે ગાંધીગર અમદાવાદ સાચા અર્થમાં ટવીન સીટી બનશે.



છાયડો બન્યો પાર્કિંગ પ્લેસ - વૃક્ષ પરોપકારી અવતાર છે... માનવ સ્વીકારે કે ન સ્વીકારે વૃક્ષ જીવનભર સાચા સાથી તરીકેની ભૂમિકા બજાવે છે... વૃક્ષનો છાયો ધોમધખતા તાપમાં કેવો અને કેટલો ગમે છે અથવા કેટલી શાતા આપે છે એ અનુભૂતિનો વિષય છે... પરંતુ વૃક્ષનો છાયો વ્યક્તિગત અને વૈશ્વિક જીવન માટે કેટલો આશીર્વાદરૂપ છે એ આ તસવીરમાં પ્રતિબિંબિત થાય છે... વૃક્ષ વાવવાનો સમય છે કે નહિ આપણી પાસે...? એ હજુ પ્રશ્નાર્થ છે પરંતુ ભરઉનાળે છાયો શોધવામાં કાબિલ હોઈએ છીએ... વાહન પાર્ક કરવા છાયો જોઈતો હોય તો એક વૃક્ષ વાવવાની જવાબદારી પણ નાગરિક તરીકે આપણી બને છે... એ આ તસવીરનો સંદેશ છે...

# ભાજપ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ આજે ગુજરાત આવશે

ગાંધીનગર, તા. ૧૨

ગુજરાત ભાજપના વિસ્તારકોની શિબિર આવતીકાલે મળશે જેમાં ભાજપ પ્રભારી ભૂપેન્દ્ર યાદવ ઉપસ્થિત રહીને માર્ગદર્શન આપશે.

ગુજરાત ભાજપના પ્રભારી તરીકે નિયુક્ત ભૂપેન્દ્ર યાદવ આવતીકાલે ગુજરાતના પ્રવાસે આવી રહ્યા છે. ભાજપના વિસ્તારકની કાલે યોજાનારી શિબિરમાં તેઓ ઉપસ્થિત રહેશે અને વિસ્તારકોને આગામી ચૂંટણી અંગે માર્ગદર્શન આપનાર હોવાનું જાણવા મળે છે.

આવતીકાલે મળનારી વિસ્તારક શિબિરમાં પ્રદેશ ભાજપ અધ્યક્ષ જીતુભાઈ વાઘાણી, મુખ્યમંત્રી વિજયભાઈ રૂપાણી પણ ઉપસ્થિત રહેનાર છે.

# ડોર ટુ ડોર કલેક્શનના વાહનોમાં ખાયકી થઈ હોવાનો કોંગીનો આક્ષેપ

**સ્પેર પાર્ટસના અભાવે વાહનો ભંગાર હાલતમાં આવી ગયા : ગ્રામ્ય વિસ્તારમાં ટ્રેક્ટરની ટ્રોલીમાં ડોર ટુ ડોરનું કલેક્શન કરવામાં આવે છે : હસમુખ મકવાણા**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગર પાલિકામાં સરકારના માધ્યમ થકી ડોર ટુ ડોર કલેક્શન માટે રૂ. ૪ કરોડના ખર્ચે ખરીદેલ વાહનોની હાલત કફોડી છે અને તે વાહનો ભંગાર હાલતમાં આવી ગયાની ચોંકાવનારી હકીકતો આજે કોંગીના કાઉન્સીલર હસમુખ મકવાણાએ એક નિવેદનમાં કરી છે.

તેમણે આ વાહન ખરીદીમાં મોટુ કૌભાંડ થયાની શંકા પણ વ્યક્ત કરી છે. તેમના જણાવ્યા પ્રમાણે આ વાહનોના સ્પેરપાર્ટસ બજારમાં ઉપલબ્ધ નથી અને વાહનો બંધ હાલતમાં પડ્યા છે. ગ્રામીણ વિસ્તારમાં તો કચરો ઉપાડવા માટે ટ્રેક્ટરની ટ્રોલીઓનો ઉપયોગ શરૂ કરાયો છે.

ખરીદેલા સાધનો જે કંપની પાસેથી લીધેલા છે તે જ કંપની સ્પેરપાર્ટસ પૂરા પાડવામાં નિષ્ફળ છે અથવા ક્યાંય પણ ચાલી ન શકે તેવી કંપનીના સાધનો ખરીદી મોટુ કૌભાંડ આચરવામાં આવ્યુ હોવાનું ફલિત થાય છે તેમ તેમણે તેમના નિવેદનમાં જણાવ્યુ છે.

તેમણે તેમના નિવેદનમાં વાહનોની જાળવણી અને મરામતમાં પણ તંત્ર નિષ્ફળ પુરવાર થયુ છે કારણ કે ડ્રાયવરોની ભરતી કોન્ટ્રેક્ટથી કરવામાં આવી છે. જેમાં વાહનોની જાળવણી માટેની કોઈ શરતો લાદવામાં આવી હોય તેવું જણાતુ નથી.

મકવાણાએ મનપા દ્વારા કરકસરભર્યા વહીવટની માત્ર વાતો થાય છે પરંતુ કાયમી કર્મચારીઓની ભરતી કરી સાર્વજનિક મિલ્કત પોતીકી ગણી સંભાળ રાખવાની ઉદાસીનતા ખંખેરવામાં આવે તે જરૂરી છે.

## ધોરણ-૧૨ વિજ્ઞાન પ્રવાહમાં એ-૧ ગ્રેડ



બ્રિવા રાય (માર્કસ - ૬૪૧)
સૅન્ટ ઝેવિયર્સ સ્કૂલ

# વોર્ડ ૭-૮ના સેવાસેતુ કાર્યક્રમને કોંગી કાઉન્સીલરોએ લોકસંપર્કમાં ફેરવી દીધો

**ભાજપી નેતાઓની ગેરહાજરી : વારંવાર વીજળી જવા છતાં ૧૦૦ ટકા અરજીઓનો હકારાત્મક નિકાલની નવી સિદ્ધિ**

ગાંધીનગર, તા. ૧૨

ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા આજે વોર્ડ નં. ૭ અને ૮ના સેવાસેતુ કાર્યક્રમનો ભરપુર લાભ કોંગી કાઉન્સીલરોએ ઉઠાવી લોકસંપર્કનું અનોખુ અભિયાન કર્યુ હતુ.

વારંવાર વીજળી ખોરવાઈ જતાં આ સેવાસેતુ કાર્યક્રમમાં ખાસ જનરેટર પણ માંગાવવુ પડ્યુ હતુ.

વોર્ડ નં. ૭ અને ૮ના આજે યોજાયેલ સેવાસેતુમાં ૧૦૦ ટકા અરજીઓના હકારાત્મક નિકાલ સાથે અનોખી સિદ્ધિ પણ મેળવી હતી. આ સેવાસેતુમાં તંત્રને ૧૮૪૩ અરજીઓ મળી હતી અને તમામ અરજીઓનો હકારાત્મક નિકાલ કરવામાં આવ્યો હતો.

ભાજપના બે થી ત્રણ આગેવાનોની હાજરીને બાદ કરતાં આખા કાર્યક્રમમાં કોંગી કાઉન્સીલરો અને આગેવાનો સક્રિય રહ્યા હતા. આજના આ સેવાસેતુ કાર્યક્રમમાં ગુડાના ચેરમેન આશિષ દવે, મેયર પ્રવિણ પટેલ, કાઉન્સીલરો રાકેશ પટેલ, હિરલબેન જોશી, નરેશકુમાર પરમાર, પ્રવિણાબેન વોરા, ઉર્મિલાબેન વોરા, જયરાજસિંહ વાઘેલા, પાયલબેન મેણાત અને પૂર્વ કાઉન્સીલર દર્શાનાબેન અડાલજા અને પરાગીબેન પંડ્યા હાજર રહ્યા હતા.

ભાજપના સંગઠ્ઠનના તેમજ કોર્પોરેશનના આગેવાનો અને નેતાઓ તેમજ ધારાસભ્યની પણ ગેરહાજરીનો લાભ કોંગી આગેવાનોએ લીધો હતો. કોંગ્રેસના પાંચ કાઉન્સીલરો જ હાજર હતા.

ભાજપનો ગઢ ગણાતા આ બે વોર્ડમાં જ ભાજના નેતાઓની ઉદાસીનતાનો લાભ કોંગીએ ઉઠાવતા નગરના રાજકીય વર્તુળોમાં તેને ભારે ચર્ચા જગાવી છે.

આ કાર્યક્રમ દરમ્યાન ગાંધીનગર મહાનગરપાલિકા દ્વારા ડાયાબીટીસ અને બ્લડ પ્રેસરની સ્કીનીંગ પણ રાખવામાં આવેલ જેમાં કુલ ૩૯૦ લાભાર્થીઓએ લાભ લીધેલ.

આ કાર્યક્રમમાં આધાર કેમ્પની પણ વ્યવસ્થા કરવામાં આવેલ જેમાં ૪૭ લોકોએ આધાર

● અનુસંધાન પાન-૭ પર

# વાસણા-હડમતિયામાં આજે ગુડા દ્વારા રસ્તા અને લાઈટના કામોનુ ખાતમુહુર્ત

**ટીપી-૯ માં માળખાગત સુવિધાના કામો માટે ૪૮ લાખ ખર્ચાશે**

ગાંધીનગર તા ૧૨

ગાંધીનગર શહેરી વિકાસ સત્તા મંડળ દ્વારા વિકાસના નતનવા કામોની સાથે ગુડા વિસ્તારમાં માળખાગત સુવિધાને અપગ્રેડ કરવા માટે પણ તબક્કાવાર કામો હાથ ધરવામાં આવી રહયા છે. ગુડા વિસ્તારમાં રસ્તા અને સ્ટ્રીટ લાઈટની સુવિધા માટે આજે વાસણા હડમતીયા વિસ્તારમાં ૪૮ લાખના કામોનુ ખાતમુહુર્ત કરવામાં આવશે.

ગુડા દ્વારા ન્યુ ગાંધીનગર વિસ્તારમાં વિકાસના નવા કામોનુ આયોજન કરવાની સાથે આગામી દાયકાઓને ધ્યાને લઈ માળખાગત સુવિધા ઉભી કરવા માટે પણ તબક્કાવાર કામોનુ આયોજન કરવામાં આવી રહયુ છે. ગુડા વિસ્તારમાં નર્મદાનુ પાણી ઉપલબ્ધ થાય તેવી પણ વ્યવસ્થા કરી દેવાઈ છે. જયારે પાણી ગટર લાઈન સાથે જરૂરી રોડનેટવર્ક પણ ઉભુ કરવામાં આવી રહયુ છે. ગુડાના વિવિધ ટી પી વિસ્તારમાં એમ આઈ જી અને એલ આઈ જી આવાસ યોજના તૈયાર કરવામાં આવી રહી છે. પ્રથમ તબક્કા બાદ બીજા તબક્કાની કામગીરી પણ શરૂ કરી દેવાઈ છે. બીજીતરફ ગુડા વિસ્તારમાં પાયાની સુવિધાઓ ઉભી કરવા માટે પણ કામો શરૂ કરવામાં આવી રહયા છે. જેમાં એલ ઈ ડી લાઈટ અને રસ્તાના કામો મુખ્ય છે. ગુડા દ્વારા ૧૩ મેં ના રોજ સવારે ૯:૩૦ કલાકે વાસણા હડમતિયા વિસ્તારમાં સ્ટ્રીટ લાઈટ

● અનુસંધાન પાન-૭ પર

**ઝાલાવાડી સઈ-સુથાર બેસણું**



અમારા પૂ. માતૃશ્રી **ગં. સ્વ. અનુપમાબેન અરવિંદભાઈ ગદાણી (ચક્ષુદાતા)** નું તા.૧૧-૫-૨૦૧૭ને ગુરૂવારના રોજ શ્રીજીચરણ પામેલ છે. **સદ્દગતનું બેસણું તા. ૧૩-૫-૨૦૧૭ને શનિવારના રોજ સાંજે ૫ થી ૭ કલાકે** નીચેના સ્થળે રાખેલ છે.

**સ્થળ : શ્રી સૌરાષ્ટ્ર કડવા પટેલ સમાજ, વિશ્વકર્મા મંદિરની સામે, સીવીલ હોસ્પિટલની પાછળ, સેક્ટર-૧૨, ગાંધીનગર**

સ્વ. અરવિંદભાઈ એમ. ગદાણી
મેહુલ એ. ગદાણી (પુત્ર) | વિશાલ એ. ગદાણી (પુત્ર)
જીજ્ઞા એમ. ગદાણી (પુત્રવધુ) | ભાવિકા વિ. ગદાણી (પુત્રવધુ)
ડો. મોના દિપકકુમાર મોદી (પુત્રી) | ડો. હેતલ ડીકેશકુમાર ગોહેલ (પુત્રી)
નવનીતભાઈ એમ. ગદાણી | સ્વ. જયેન્દ્રભાઈ એમ. ગદાણી
કેતન એન. ગદાણી | પૃથ્વીશ જે. ગદાણી

પિયરપક્ષનું બેસણું ઉપરોક્ત સ્થળે અને સમયે રાખેલ છે.
સ્વ. પ્રેમાનંદભાઈ ઝવેરભાઈ ગોહેલ પરિવાર (મુંબઈ)

**પ્રથમ વાર્ષિક પુણ્યતિથિએ શ્રદ્ધાંજલિ**



**સ્વ. કાન્તિલાલ સોમાભાઈ મોદી**
(વાવોલવાળા-વીમા એજન્ટ)
સ્વ. તા. ૧૩-૫-૨૦૧૬

તમારા જીવનમાં હરપળ હસતા રહ્યા તમે,
સ્નેહ અને સગા સાથે સૌના હૃદયમાં ગુંજતા રહ્યા,
કાર્યો એવા કરતા ગયા કે, સૌના સ્મરણમાં રહ્યા.
જીવન એવું જીવી ગયા કે હરપળ તમારી યાદ સૌને સદાય આવતી રહે.
પ્રભુ આપના આત્માને દિવ્ય શાંતિ અર્પે એજ અમારા સૌની પ્રાર્થના...

કમળાબેન કાન્તિલાલ મોદી (પત્ની)
હંસાબેન કે. મોદી (પુત્રી) (પૂર્વ મેયર) ગાંધીનગર મહાનગરપાલિકા
પ્રવિણભાઈ જોષી (PI) જમાઈ (ખાડીયા, અમદાવાદ)
ભારતીબેન કે. મોદી (પુત્રી)
અરવિંદકુમાર એસ. મોદી (જમાઈ)
નરેશકુમાર કાન્તિલાલ મોદી (પુત્ર)
અલકા નરેશકુમાર મોદી (પુત્રવધુ)
હેતલ ભરતકુમાર રાઠોડ (પૌત્રી)
ભરતકુમાર ડી. રાઠોડ (જમાઈ)

પ્લોટ નં. ૯૮, આનંદનગર, સેક્ટર-૨૭, ગાંધીનગર

# રાજ્યમાં ૨.૦૪ લાખથી વધુ મકાન બનાવવાની યોજના છે

**પ્રધાનમંત્રી આવાસ યોજના અમલીકરણનો પ્રારંભ રાજ્યભરમાં દરેક પરિવારનું પોતાના ઘરના ઘરનું સપનું સાકાર થાય તે માટે સરકાર પ્રતિબદ્ધ છે : વિજય રૂપાણી**

અમદાવાદ, તા.૧૨

મુખ્યમંત્રી વિજય રૂપાણીએ સરદાર નગરી આણંદથી રાજયનાં પ્રત્યેક ગરીબને પોતાનું ઘર આપવાનો સંકલ્પ પસાર કરતી સંવેદનાસભર પ્રધાનમંત્રી આવાસ યોજના ગ્રામીણના રાજયવ્યાપી અમલીકરણનો શુભારંભ કરાવ્યો હતો. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ જણાવ્યું હતું કે, બીપીએલ ભેદ વગર ઘરવિહોણા તમામને ઘર મળે અને ગુજરાતમાં દરેક પરિવારનું પોતાના ઘરના ઘરનું સ્વપ્ન સાકાર થાય તે માટે રાજય સરકાર પ્રતિબધ્ધ છે.

રાજય સરકારે ગરીબોને મકાન, ઓટલો અને રોટલો આપવાની સુવ્યવસ્થાઓ કરી છે એમ તેમણે ઉમેર્યું હતું. મુખ્યમંત્રી વિજય રૂપાણીએ આજે મધ્ય ગુજરાતના આણંદથી અરવલ્લી, ગાંધીનગર, અમદાવાદ, ખેડા અને આણંદ જિલ્લાના ૧૪૦૦૦થી વધુ લાભાર્થીઓને પ્રધાનમંત્રી આવાસ યોજનાના આવાસ બાધકામ મંજુરી પત્રો અને આવાસોના મોડેલ્સનું વિતરણ કર્યું હતું. મુખ્યમંત્રીએ ગ્રામવિકાસ વિભાગ દ્વારા તૈયાર કરવામાં આવેલ પંચસ્થંભ યોજના તથા પ્રધાનમંત્રી આવાસ યોજનાની માહિતી પુસ્તિકાનું વિમોચન કર્યું હતું. આ અવસરે આવાસ થીમ આધારિત દસ્તાવેજી ચિત્રનું નિદર્શન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે યોજાયેલ વિવિધ પ્રદર્શનને વિશાળ સંખ્યામાં લોકોએ નિહાળ્યું હતું. પ્રદર્શનમાં વિવિધ પ્રકારના આવાસના મોડેલનો સ્ટોલ ઉપસ્થિતોમાં આકર્ષણનું કેન્દ્ર બન્યો હતો. મુખ્યમંત્રીનું આણંદ જિલ્લાના વિવિધ સમાજ સંગઠનો દ્વારા અભિવાદન કરવામાં આવ્યું હતું. મુખ્યમંત્રીએ જણાવ્યું કે, ગરીબો માટે આજનો દિવસો સોનાનો દિવસ છે. પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની રાહબરી અને દિશાદર્શન હેઠળ ઘણા વર્ષો પછી દેશમાં અને રાજયમાં સાચા અર્થમાં ગરીબ કલ્યાણની કામગીરી શરૂ થઈ છે.

**ઈંટનો શ્રેષ્ઠ, સસ્તો અને મજબૂત વિકલ્પ**
ફ્લેટ, બંગલો, બાઉન્ડ્રી વોલ, ઈન્ડસ્ટ્રીયલ વોલ, સ્કૂલ, હોસ્પિટલ માટે
- ઈંટો કરતા વધારે મજબૂત અને ત્રીજા ભાગનું વજન
- ઝડપી કામ તેમજ સીમેન્ટ, રેતી, પાણી અને મજુરીમાં મોટી બચત
- ઓછી કિંમત
- દિવાલો ખૂબ જ ઓછી તપે જેથી અંદરનું વાતાવરણ ઠંડુ રહે
- ઉધઈ અને કીટક પ્રતિરોધક
- ઈલેક્ટ્રીક અને પ્લમ્બીંગ કામ માટે એકદમ સરળ
- મશીન કટ દ્વારા પરફેક્ટ સાઈઝ, એકધારી ગુણવત્તા
- ઘોંઘાટ સામે રક્ષણ (High Sound Insulation)
- દિવાલોમાંથી નિકળતા ક્ષારથી મુક્તિ

ડીલર ઈન્કવાયરી આવકાર્ય
ECO GREEN™ Autoclaved Aerated Concrete Blocks
ગાંધીનગર-ચિલોડા હાઈવે, આર્મી કેમ્પ સામે, તા. જી. ગાંધીનગર | ફોન : ૭૩૫૯૪૮૮૮૨૦
sales@ecogreenproducts.in | www.ecogreenproducts.in

**ROOPKALA The silver shop**
માત્ર ચાંદીનો શો-રૂમ
199, District Shopping Center, Nr. Bank of Baroda, Sector - 21, Gandhinagar, Ph.232 48225
તમામ ક્રેડીટ / ડેબીટ કાર્ડ આવકાર્ય

www.capitaloffset.in
**કેપિટલ ઓફસેટ®**
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

**ઈશ્વરકૃપા ટાયર સર્વિસ**
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
**જગદીશ સ્ટીલ સ્ટોર્સ**
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@yahoo.com